વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનુસુચિત જનજાતિના યુવક/યુવતીઓને પીપીપી મોડથી તાલીમ સહ રોજગારની તકો આપવા અંગેના ઠરાવમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: TDD/VKY/e-file/25/2023/0210/P

સચિવાલય, ગાંધીનગર.

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૦૭/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ.

(૨) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૨૦/૦૪/૨૦૨૪નો પત્ર ક્રમાંક:D-SAG/0022/04/2024.

**પ્રસ્તાવના:-**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારાઅનુસૂચિત જનજાતિના યુવક/યુવતીઓ માટે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો એમ્પ્લોયર (નોકરીદાતા)ના સહયોગથી પીપીપી મોડથી ચલાવવા માટેની નવી બાબતને તા.૧૭/૦૭/૨૦૨૩ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ અનુસુચિત જનજાતિઓના યુવક / યુવતીઓને ઉચ્ચ ગુણવત્તાસભર તાલીમ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૦૮ માં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડથી ખાનગી સંસ્થાઓ સાથે મળીને વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો શરુ કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. હાલ, રાજ્યમાં આ મોડેલ પર આઠ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો કાર્યરત છે. પ્રતિવર્ષ આ તાલીમ કેન્દ્રો મારફતે અંદાજે ૭૦૦૦ થી ૮૦૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. આ પરિણામ હાંસલ કરવા માટે ૨૫૦ કે તેથી વધુ કર્મચારી/કામદાર ધરાવતા એમ્પ્લોયર (નોકરીદાતા) <u>અથવા એમ્પ્લોયર (નોકરીદાતા)ની માતૃ સંસ્થા /કોર્પોરેટ સંસ્થા/ સમૂહ સંસ્થાન</u>ને સાંકળવામાં આવે તો કૌશલ્યવર્ધન માટેની જરૂરિયાતને મહદઅંશે પહોંચી યોજનાનું અમલીકરણ અસરકારક રીતે થઇ શકે તે માટે વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ), ગાંધીનગર દ્વારા આ યોજનાના ઠરાવમાં સુધારો કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના યુવક/યુવતીઓ માટે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો એમ્પ્લોયર(નોકરીદાતા) સાથે ભાગીદારીથી ચલાવવા અંગેના આ વિભાગના તા.૧૭/૦૭/૨૦૨૩ના ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની શરત નં. ૧ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

"આ યોજના અંતર્ગત જે એમ્પ્લોયર (નોકરીદાતા) અથવા એમ્પ્લોયર(નોકરીદાતા)ની માતૃ સંસ્થા /કોર્પોરેટ સંસ્થા/ સમૂહ સંસ્થાન પાસે ૨૫૦ કે તેથી વધુ કર્મચારી/કામદાર હશે તે ઉપરાંત તાલીમ માટેની માળખાકીય સુવિધાઓ જેવી કે, જમીન, વર્કશોપ/લેબોરેટરી, એકેડેમિક બિલ્ડીંગ, ક્લાસરૂમ ઉપલબ્ધ હોય તેવી સંચાલક સંસ્થાઓને માત્ર આવર્તક ખર્ચ (તાલીમ ખર્ચ) આપવામાં આવશે."

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે તથા તે મુજબ યોજનાની અમલવારી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

Signature Not Verified
Signed by:Disha R Patel
Section Officer
Date: 2024.06.13
17:54:44 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રીના રહસ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રી તમામ (ડી-સેગની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by: Disha R Patel
Section Officer
Date: 2024.06.13
17:54:44 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign